"હું કરું - હું કરું"ના હાથી ઉપરથી હવે તો હેઠા ઊતરીએ !

એક જૂની, જાણીતી અને અતિ ઉપયોગી કથા છે કે બાહુબલીજીએ ભીષણ તપ કર્યું, પણ અહંકારને વશ થઈને કર્યું. તે વખતે તેમને તેમની બેનોએ "હાથીએથી હેઠા ઊતરો વીરા મારા" એમ કહીને ચેતાવ્યા. તેઓ આ ટકોરથી ચેતી ગયા અને અહંકારના હાથી ઉપરથી નીચે ઊતરી ગયા અને ત્યારે જ તેઓ સાચા અર્થમાં બાહુબલી બની શક્યા.

આમ તો આ કથા અતિ પ્રાચીન છે પણ સૂક્ષ્મ રીતે વિચારતાં અતિ અર્વાચીન પણ જણાય છે; આપણા જીવનમાં બનતી રોજની રામાયણ છે આ. જાણ્યેઅજાણ્યે આપણે સૌ ભૂતકાળના બાહુબલીને વર્તમાનકાળમાં યેનકેન પ્રકારેણ ખેંચી લાવીએ છીએ અને પછી તેને હાથી ઉપરથી નીચે જ ઊતરવા નથી દેતા; જેથી જીવનમાં સહેજે પ્રાપ્ત થયેલું બધું અમૃતરૂપી સુખ ઝેરરૂપી દુઃખમાં ફેરવાઈ જાય છે, જીવનની બધી જ મસ્તી-મજા મારી જાય છે.

આ ઝેરને પુનઃ અમૃત બનાવવા માટે અર્થાત્ આપણને ચેતવવા માટે કોઈ બેન જુદાં જુદાં નામ-રૂપે આવે ત્યારે આપણે ચેતી જઈએ તો કેવું સારું ! પણ આપણે ચેતવું નથી અને ભૂતકાળના બાહુબલીની વાતોનાં જ વડાં કરીને પેટ ભરવું છે ! આ રીતે કદી પેટ ભરાય ?

આવી વાતો કરવી સાવ સહેલી છે અને તેનો અમલ કરવો મહા કઠિન છે તે વાત ખરી, પરંતુ 'જિન ખોજા તિન પાઈયા,ગહરે પાની પેઠ.' સદાચરણમાં થોડી કઠિનાઈ ભલે વેઠવી પડે પણ તેનું ફળ ઘણું મહાન હોય છે. ખરેખર તો તુલનાત્મક રીતે જોતાં સદ્આચરણમાં કઠિનાઈ જેવું કાંઈ હોતું જ નથી, માત્ર કઠિનાઈનો આભાસ જ હોય છે. લખનાર કે વાંચનાર જે કોઈ સદ્આચરણને આચરશે તે ન્યાલ થઈ જશે અર્થાત્ તેના જીવનમાં અને કુટુંબમાં સુખશાંતિનાં સરોવર હિલોળા લેતાં થઈ જશે.

જીવનમાં "હું કરું - હું કરું" નું જબરું જોર છે. અને "હું કરું" એટલાં બધાં ભિન્નભિન્ન અને અનંત રૂપ ધારણ કરીને મનમાં પેસી જાય છે કે તેને ઓળખવું દોહ્યલું થઈ પડે છે. તે રહસ્ય એક દષ્ટાંતથી સમજીએ.

નાનાં ગામડાંઓમાં કોઈ કોઈ સાધુબ્રાહ્મણો સવારમાં 'નારાયણ પ્રસન્ન' કરવા (લોટ માંગવા) નીકળતા હોય છે. લોકોના ઘરના આંગણામાં 'નારાયણ પ્રસન્ન' કે 'સીતારામ' બોલીને તે ઊભા રહે છે એટલે ઘરનાં માણસો લોટની ચપટી કે અનાજની મુઠ્ઠી ભરીને તેમને આપે છે. એટલે પછી તેઓ બીજા ઘરે જાય. આ રીતે લગભગ દરેક ઘેરથી થોડું થોડું તેમને મળી રહે છે. પણ કોઈ ઘર એવાં પણ હોય છે કે ગમે તે બહાનું કાઢીને ના જ પાડે.

એક વખત એવા જ ઘરે ચપટિયા મહારાજ 'નારાયણ પ્રસન્ન' કહીને ઊભા રહ્યા. રોજ જે સાસુ ના પાડતી હતી તે આજે બહાર ગયેલી હતી એટલે ચપટિયાને આશા બંધાણી કે વહુ તો જરૂર કાંઈક આપશે. પણ સાસુની બીકે વહુએ પણ ના જ પાડી દીધી. એટલે ચપટિયો બબડતો-બબડતો ઘર બહાર નીકળ્યો. ત્યાં જ સામે સાસુ મળી ગઈ. તરત તે ચપટિયાને મોટા અવાજે પૂછવા લાગી કે, ''વહુએ તને શું આપ્યું ?'' તો જવાબ મળ્યો કે ''કાંઈ નહીં.'' એટલે સાસુ કહે, ''ચાલો પાછા. વહુ ના કેમ પાડે !'' આ સાંભળીને ચપટિયા મહારાજ ખુશ થઈ ગયા કે આજે તો આ ઘરેથી પણ જરૂર કાંઈક મળશે. બંને ઘરમાં પ્રવેશ્યાં એટલે સાસુ કહે, '' હવે બોલો સીતારામ.'' એટલે ચપટિયો, પ્રાપ્તિના ઉત્સાહમાં રોજ કરતાં ખૂબ ઊંચા અવાજે બોલ્યો, '' સીતારામ...''

એટલે સાસુ કહે, '' રોજ ના પાડીએ છીએ તોય માંગવા આવતાં શરમ નથી આવતી?'' એટલે ચપટિયો આભો બનીને પૂછવા લાગ્યો કે '' વહુએ તો ના પાડી જ હતી; તમારે ય જો ના જ પાડવી હતી તો પછી મને પાછો કેમ બોલાવ્યો?'' સાસુ કહે, ''ના પાડવાનો ય અધિકાર મારો છે, વહુ ના પણ શાની પાડે ? એ અધિકાર તે શાની લઈ લે? જાઓ હવે તમ તમારે બીજા ઘરે.''

''હું કરું-હું કરું'' ના આવા અનેક પ્રસંગો આપણને અનેક વાર વિવેકાંધ કરીને પારાવાર નુકસાન પહોંચાડતા હોય છે પણ તોય આપણે ચેતી શકતા નથી અને પોતાના પગમાં બળતી આગને ઠારવી પડતી મૂકીને અન્યની આગને ઠારવા અને એ રીતે અહંકારને પોષવા દોટ મૂકતા હોઈએ છીએ.

અનંત કાળથી જીવનમાં અને જગતમાં આવું જ બધું ચાલ્યા કરે છે. ક્યારેક એ બધાથી ખૂબ દુઃખ થાય છે અને ક્યારેક તે બધું મનુષ્ય સ્વભાવના એક અંગ રૂપે લાગે છે.

સાચી સમજ સિવાય 'હું-હું ' ના હાથી ઉપરથી નીચે નહીં ઊતરી શકીએ. વહુએ ચપટિયાને ના પાડી તેમાં સાસુનું જ ધાર્યું થયું હતું પણ તોય સાસુને સંતોષ ન થયો ! વહુએ ના પાડી એમાં સાસુનો શું ગરાસ લુટાઈ જતો હતો ? પણ આ અજ્ઞાનતાની પરાકાષ્ઠા છે. આ બધાને કેવી રીતે સુખી કરવાં?

સાસુ-વહુનું તો આ એક માત્ર દૃષ્ટાંત છે. આપણા જીવનમાં પણ સતત આવું બન્યા કરતું હોય છે પણ આપણને તે દેખાતું નથી. જેમ આંખ બધી દુનિયાને જોઈ શકે છે પણ પોતાને જ જોઈ શકતી નથી તેમ.

એક લોહા પૂજામેં રાખત, એક ઘર બધિક પરો;
યહ દુવિધા પારસ નહીં જાનત, કંચન કરત ખરો.

એક લોઢાનો ટુકડો ભગવાનની મૂર્તિ બનીને પૂજામાં પૂજાઈ રહ્યો છે અને બીજો લોઢાનો ટુકડો બાણ બનીને શિકારીના હાથમાં જઈને હિંસા કરી રહ્યો છે. આવો ભેદ પારસમણિને નથી હોતો, તે તો બંનેને લોઢું જ સમજે છે, અને લોઢાનું સોનું બનાવવાનો પોતાનો સ્વભાવ હોવાથી, પોતાનો જાણ્યેઅજાણ્યે પણ સ્પર્શ કરનાર, સ્પર્શ પામનાર બંને ટુકડાને તે સોનું બનાવે જ છે. તેમ-

સત્પુરુષો-સંતપુરુષો, પોતાના સંપર્કમાં આવનારને, ચાહે વિચાર, વાણી, વર્તનથી કે તન, મન, ધનથી કે અક્ષરદેહના માધ્યમથી તેમના સંપર્કમાં આવનારને તેઓ સુખની, અર્થાત્ શાંતિની, એટલે કે સાચી સમજણની પાથેય-પોટલી બક્ષે જ છે કે જે અક્ષયમૂડી બની રહે છે.

સાચી સમજણનું કવચ જીવનભર આપણું રક્ષણ કરતું રહો એવી શુભેચ્છાની ભેટ સાથે નૂતન વર્ષનો શુભારંભ હજો.